# ડાંગરના પાકમાં છુપા દુશ્મન તરીકે નુકશાન કરનાર આવર્તક પર્ણતલ કથીરી (શીથ માઈટ) જીવાતનું સંકલિત નિયંત્રણ

ડો.એસ.એમ.ચવ્હાણ[૧], ડો. અભિશેખ શુક્લા[૨] અને ડો. ડી.કે.શર્મા[૩]
[૧,૩]કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી,પરીયા
[૨]કીટકશાસ્ત્ર વિભાગ, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

દક્ષિણ ગુજરાતમાં વલસાડ જીલ્લામાં ચોમાસું ડાંગરમાં ટારસોનેમીડ કુળની આવર્તક પર્ણતલ કથીરી (શીથ માઈટ) નો ઉપદ્રવ તાજેતરમાં જોવા મળેલ છે. આ જીવાત ખુબજ સુક્ષ્મ હોવાથી નરી આંખથી જોઈ શકાય તેમ ન હોવાથી તેનું ઉપદ્રવ બહારથી ખ્યાલ આવતો નથી .જેથી તેને છુપો દુશ્મન તરીકે ઓળખવામાં આવે. આ જીવાતના નુકશાનથી બચવા માટે ખેડૂતોને આ જીવાત વિશેની માહિતી તેમજ તેનું સંકલિત નિયંત્રણ  માટે નીચે જણાવેલ પગલાં હાથ ધરવા જણાવવામાં આવે છે,


**જીવાતની ઓળખ અને નુકશાન :**

ડાંગરના પાકમાં આવર્તક પર્ણતલ કથીરીના ઉપદ્રવની શરૂઆત આવર્તક પર્ણતલની અંદરની બાજુએ થાય છે. આ કથીરી આવર્તક પર્ણતલની નીચે સમૂહમાં રહી સતત રસ ચુસતી હોવાથી આવર્તક પર્ણતલના કોષો મૃત્યુ પામે છે. જે પીલા ઉપર બહારથી તપખીરીયા ડાઘાવાળો દેખાય છે. ઉપદ્રવિત છોડમાંથી કંટી નીકળવામાં મોડું થાય છે, તેમજ નીકળેલ કંટી અસ્તવ્યસ્ત આકારની, નાની તથા પીચવાળી પણ જોવા મળે છે. ડાંગરની પાછળની અવસ્થામાં આ કથીરીનો ઉપદ્રવ કંટીના દાણાંઓની ઉપર પણ જોવા મળે છે. જેને લઈને દાણા ઉપર તપખીરીયા ડાઘા જોવા મળે છે. તેમજ દાણા પીળા અને અડધા તપખીરીયા રંગના જોવા મળે છે. આવા દાણાઓની સ્ફૂરણ શકિત ઘણી જ ઘટી જાય છે. જેને દાણાની વંધ્યત્વ બિમારી તરીકે ઓળખવામાં આવે છે. તેનો બિયારણમાં વપરાશ થઈ શકતો નથી. સાહિત્યના આધારે જાણવા મળેલ છે કે આવર્તક પર્ણતલનો ફૂગ દ્વારા થતો કોહવારો ફેલાવવામાં આ કથીરી મદદ કરે છે અને બંનેના ઉપદ્રવથી આર્થિક  નુકસાન થઈ શકે છે.

**સાનુકુળ પરિબળો:** વધુ ગરમ અને ભેજવાળું વાતાવરણ

**સંકલિત નિયંત્રણ:**

- રાસાયણિક ખાતરનો ભલામણ મુજબ સપ્રમાણ ઉપયોગ કરવો. નાઈટ્રોજનયુકત ખાતરો વધારે આપવાથી આ જીવાતનું ઉપદ્રવ વધે છે.
- આવર્તક પર્ણતલ કથીરીના અસરકારક નિયંત્રણ માટે આપેલ પૈકી કોઈપણ રાસાયણિક દવાનો ઉપયોગ કરવો. ફેનપાયરોકઝીમેટ ૫ એસસી, ૧૦ મિલી,  કલોરેફેનપાયર ૧૦% એસ સી ૧૫ મીલી અથવા સ્પાયરોમેસીફેન ૨૪૦ એસસી ૫ મિલી દવા ૧૦ લીટર પાણીમાં  ભેળવીને આવર્તક પર્ણતલ અને પોલાં / થુમડાં પૂરા ભીંજાય તે રીતે છંટકાવ કરવાથી આ કથીરીના ઉપદ્રવની માત્રા ઘટાડી શકાય છે.
- આ કથીરી ડાંગરના જડિયાં તેમજ ડાંગર કુળના નિંદામણોમાં સુષુપ્ત અવસ્થામાં જીવન ગુજરાતી હોય, ડાંગરની કાપણી થઈ ગયા બાદ જડિયાં / નિંદામણોનો બાળીને નાશ કરવો તેમજ જે તે વિસ્તારમાં દર વર્ષે ચોમાસુ તેમજ ઉનાળુ એક બે સીઝનમાં એકની એક જાતની રોપણી ન કરવી.



આવર્તક પર્ણતલ કથીરીના બચ્ચાં





આવર્તક પર્ણતલ ઉપર તપખીરી ડાઘા





કથીરીથી ઉપદ્રવિત ડાંગરની કંટી